# સત્સંગ સમાચાર

## છપૈયા-દિલ્હી મહાતીર્થ ભક્તિયાત્રા

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી અનુપમ મિશન દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યતીર્થ છપૈયા સાથે અનેક મહાતીર્થોની ૧૫ દિવસીય ધર્મયાત્રા યોજાઈ, જેમાં ૨૦૦થી વધુ અક્ષરમુક્તો અને સંતો જોડાયા. ૧૩ ડિસેમ્બરે અમદાવાદથી જુદી જુદી ફ્લાઈટ્સમાં દિલ્હી પહોંચી, ત્યાંથી બસોમાં મથુરા, વૃંદાવન, ગોકુળ, આગ્રા, ફતેહપુર સિક્રી આદિ સ્થાનોની મુલાકાત લઈ સંઘ ૧૫ ડિસેમ્બરની સાંજે છપૈયા પહોંચ્યો. અહીંથી સૌને સંતભગવંત સાહેબજી, પૂ. શાંતિદાદા અને સંતોનું સાંનિધ્ય પ્રાપ્ત થયું.

૧૬ અને ૧૭ ડિસેમ્બર-બંને દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યસ્થાને સાહેબજીના સાંનિધ્યે વહેલી સવારે સતત બે કલાક સૌએ ધૂન-પ્રાર્થના કરી. આ દિવસો દરમિયાન સાહેબજીએ સ્વયં શ્રી પ્રભુજીનાં પ્રાસાદિક સ્થાનોમાં સૌ સાથે પધારી દરેક સ્થાનનો મહિમા સમજાવી સૌને ધન્ય કર્યા. ૭૮ વર્ષની ઉંમરે પણ ખૂબ જ ભીડો વેઠી સૌને અકલ્પનીય સુખ આપ્યું. અહીં મોટા આચાર્યમહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી અને મંદિરના મહંત શ્રી વાસુદેવ બ્રહ્મચારીજીનો પણ સૌને સત્સંગ-સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થયો.

શ્રી ઘનશ્યામમહારાજની મૂર્તિઓના અભિષેક, થાળ અર્પણ, આરતી અર્પણનો લાભ સૌએ લીધો. નિત્ય સવારે સૌ ૩:૩૦ વાગ્યે ઊઠી, સ્નાનાદિક ક્રિયાઓ પતાવી, પ્રભુના પ્રાગટ્યસ્થાને ધૂન-પ્રાર્થના કરવા પહોંચી જતા, જેમાં સાહેબજી પણ અચૂક જોડાતા. સૌનું સ્વાસ્થ્ય નિરામય રહે તે માટે ધારણા-પારણા કરી તેઓએ સંપૂર્ણ દેહાતીત અવસ્થાનું દર્શન કરાવ્યું.

છપૈયાથી ૧૮ ડિસેમ્બરે વહેલી સવારે નીકળી બનારસ, સારનાથ અને અલ્હાબાદ ત્રિવેણીસંગમનાં દર્શન કરી તીર્થયાત્રીઓનો સંઘ ૨૧ ડિસેમ્બરે રાત્રે દિલ્હી પહોંચ્યો. દિલ્હીમાં પ.પૂ. મુકુંદજીવનસ્વામીજી-ગુરુજીએ કાકાજીની આજ્ઞા પાળી અદ્‌ભુત સમાજનું સર્જન કર્યું છે. ભક્તોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના સાકાર કરાવી સૌને સુખી કર્યા છે. પ.પૂ. કાકાજી અને પ.પૂ. પપ્પાજી પ્રત્યેની ભક્તિ અદા કરવા પ.પૂ. ગુરુજીએ અહીં બંધુબેલડી શતાબ્દી પર્વનું અદ્‌ભુત આયોજન કર્યું.

૨૨ ડિસેમ્બરે ઉત્સવ પ્રારંભે મંદિરમાં પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી અને સંતભગવંત સાહેબજીની આરસની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ. સંતભગવંત સાહેબજીની આ પ્રકારે પ્રતિષ્ઠિત થનારી આ પ્રથમ મૂર્તિ હતી, જેનાં દર્શનનો દિવ્ય આનંદ સૌના હૃદયમાં સહજ જ અનુભવાતો હતો. પ્રાણપ્રતિષ્ઠાવિધિ થઈ ત્યારે ભાવવિભોર ગુરુજીએ જણાવ્યું કે, 'આપણે સૌએ ગુણાતીત સમાજ પ્રત્યેની નિષ્ઠા દૃઢ કરી જીવન જીવવાનું છે.'

ત્યારબાદ મંદિરના પ્રાંગણમાં 'બંધુબેલડી શતાબ્દી દ્વાર'નું મુક્તાર્પણ થયું. રામલીલા મેદાનમાં ભવ્ય સભામંડપ, ભોજનખંડ, વેચાણ કેન્દ્ર અને અન્ય ઑફિસો ગોઠવાઈ હતી, જ્યાં સ્વયંસેવકો અડીખમ સેવામાં હાજર હતા. ટૅક્નોલૉજીનો અદ્‌ભુત સમન્વય સાધી, નૂતન અભિગમ અપનાવી સભાઓનાં સુંદર આયોજન થયાં. બ્ર.સ્વ. યોગીજીમહારાજના સવા શતાબ્દી મહોત્સવ અને ગુરુજીના ૮૦મા પ્રાગટ્યોત્સવની પણ ઊજવણી થઈ. જેમાં પ.પૂ. ગુરુજીનાં જીવન અને કાર્યનું-૫૦ વર્ષની ભક્તિગાથાનું ડૉક્યુડ્રામા પ્રસ્તુત કરાયું. તેઓએ દિલ્હી, હરિયાણા અને આ પ્રદેશમાં માહાત્મ્યનાં સિંચન કરી સર્વદેશીય દિવ્ય ગુણાતીત સમાજનું સર્જન કર્યું છે, તેનાં દર્શન કરી સૌ ધન્ય થયાં.

આ પ્રસંગોમાં પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી, પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજી, પ.પૂ. ગુરુજી, સંતભગવંત સાહેબજી, પૂ. દિનકરભાઈ, પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ, પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ, પૂ. જ્યોતિબહેન, પૂ. હંસાદીદી, પૂ. આનંદીદીદી આદિ સૌ સ્વરૂપોનાં-સંતોનાં દર્શન-સમાગમ અને આશીર્વાદનો દિવ્ય લાભ સૌને પ્રાપ્ત થયો. ગુજરાત, દિલ્હી અને પંજાબના અક્ષરમુક્તો મોટી સંખ્યામાં આ ઉત્સવમાં પધાર્યા. આ પ્રસંગે 'પંચમ પુરુષાર્થ' ગ્રંથ અને 'વરસ્યા અનરાધાર' ઑડિયો સી.ડી.નું મુક્તાર્પણ થયું.

આવી ભક્તિયાત્રાને માણી સૌ કોઈ ૨૬ ડિસેમ્બરે નીકળી સ્વસ્થાને પરત પધાર્યા. ૧૩થી ૨૬ ડિસેમ્બરની આ ભવ્ય ભક્તિયાત્રાને સાકાર કરવા પૂ. પંકજભાઈ પઢિયાર, પૂ. અનિલભાઈ પરમાર, સુનીલભાઈ ગાંધી અને સ્વયંસેવકોએ સાહેબજીને રાજી કરવા ખૂબ જહેમત ઉઠાવી ભક્તિ અદા કરી.

## સાહેબજી યૂથ લીડરશિપ રિટ્રીટ ૨૦૧૭

સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં અથાક વિચરણ તથા અનહદ કૃપાશિષથી દેશ-વિદેશમાં સત્સંગ યુવાપ્રવૃત્તિઓ વ્યાપ પામી છે. તેના દૃષ્ટાંતરૂપ અમેરિકાના ૫૦થી વધુ યૂથ લીડર્સની 'સાહેબજી યૂથ લીડરશિપ રિટ્રીટ ૨૦૧૭' ૨૩થી ૨૮ ડિસેમ્બર દરમિયાન ફ્રિમૉન્ટમાં યોજાઈ. જેમાં પૂ. હર્ષદદાદા, પૂ. ઉત્પલભાઈ, પૂ.જયેશભાઈ અને સંતોનાં સાંનિધ્ય તેમજ માર્ગદર્શન પ્રાપ્ત થયાં. અમેરિકામાં જન્મેલાં યુવાનો અને યુવતીઓ સત્સંગનાં સુકાન સંભાળી પ્રભુનાં કાર્યો પ્રભુની રીતે કરવા પ્રયત્નશીલ છે. આવી શિબિરો યોજી સાહેબજી અને સંતો તેમને યોગ્ય માર્ગે દોરી રહ્યા છે.

આ વિન્ટર રિટ્રીટની સમગ્ર દિનચર્યા અનેકવિધ સત્સંગ પ્રવૃત્તિઓથી સભર હતી. સત્સંગસભા, સમૂહચર્ચા તેમજ ટીમવર્કની રમતોથી સંપ, સુહૃદભાવ અને એકતાના પાઠ પાકા કરાવાયા, જેને લીધે આધ્યાત્મિક લીડરશિપનાં મૂલ્યો સંવર્ધિત થયાં. દરરોજ સવારે આરતી-ધૂન બાદ મુખ્ય

સભામાં સંતોના આશીર્વાદ, ગોષ્ઠિ તેમજ સાંજે રમતગમત જેવી પ્રવૃત્તિઓનાં આયોજન થયાં. સાહેબદાદાએ જે કીર્તન મુખપાઠ કરવાની આજ્ઞા કરેલ તે 'મૌજમાં રહેવું...'નો અર્થ પૂ. ઉત્પલભાઈ અને પૂ. જયેશભાઈ દ્વારા સમજાવાયા અને સત્સંગના મૂળભૂત સિદ્ધાંતો સહજ જીવન આચરણમાં વણી લેવાય તે માટેનાં માર્ગદર્શન અપાયાં. શિબિર દરમિયાન પૂ. હર્ષદદાદાએ સાધુનું જીવનમાં મહત્ત્વ, સત્સંગની અનિવાર્યતા અને સાહેબદાદાના સ્વરૂપને ઓળખવાની સમજ આપી. આરતી, પૂજન, થાળ આદિની સાચી રીત પણ શીખવવામાં આવી. સાહેબજીના રૂડા સંતાન બની રહેવાય તેવા સંકલ્પો કરાયા અને તે માટેના આશીર્વાદ સૌને પ્રાપ્ત થયા.

વિશેષરૂપે, શિબિર દરમિયાન સંતભગવંત સાહેબદાદા અને પૂ. શાંતિદાદાએ વિડિયો કૉલ દ્વારા સૌને આશીર્વાદ પાઠવ્યા. શિબિરને અંતે સૌ યુવાન-યુવતીઓએ સંતોનો સમાગમ અને તેઓ પાસે ભક્તિરૂપી બ્રહ્મજ્ઞાનના પાઠ શીખવા મળ્યા તે બદલ ધન્યતા વ્યક્ત કરી અનુભવદર્શન કરાવ્યાં. આમ, સૌએ ખૂબ બ્રહ્માનંદ કરી સાહેબદાદાને રાજી કરવાના કોડ ધર્યા. ◆

## નર્મદા જિલ્લાનાં અંતરિયાળ ગામોમાં મૅડિકલ કૅમ્પ

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને માર્ગદર્શનથી છેલ્લાં અગિયાર વર્ષથી નર્મદા જિલ્લાનાં મૂળભૂત સુવિધાઓથી વંચિત અંતરિયાળ ગામોમાં આરોગ્ય અને શિક્ષણક્ષેત્રમાં સેવારત અનુપમ મિશન દ્વારા ૬-૭ જાન્યુઆરીના રોજ 'આશા પ્રૉજેક્ટ' અંતર્ગત નર્મદા જિલ્લાનાં ૧૦થી વધુ ગામોમાં 'મૅડિકલ હૅલ્થ ચૅકઅપ કૅમ્પ' યોજાયો. આ કૅમ્પનો ૨૦૦૦થી વધુ જરૂરિયાતમંદ લોકોએ લાભ લીધો તેમજ ૧૪૬૦થી પણ વધુ સ્ત્રીઓને સાડીનાં વિતરણ કરાયાં. આ કૅમ્પમાં પૂ. સતીશભાઈ, પૂ. મણિભાઈ, પૂ. અરવિંદભાઈ, ડૉ. વનરાજસિંહ સોલંકીએ સેવા સહયોગ આપ્યો. ◆

## શ્રદ્ધાંજલિ

**નિતાબહેન દીપકભાઈ અધ્વર્યુ :** અનુપમ પરિવારના અત્યંત નિષ્ઠાવાન મુક્તો દાસકાકા-રમામાસીનાં દીકરી નિતાબહેને બાળપણ સંતોના સાંનિધ્યે વિતાવ્યું અને બ્રહ્મજ્યોતિ પરિવારમાં જ ઉછેર થયો. સાહેબજી, શાંતિદાદા, અશ્વિનદાદા સાથે જીવની પ્રીતિ થઈ. સત્સંગી અક્ષરમુક્ત યુવાનેતા દીપકભાઈ સાથે લગ્ન કર્યા બાદ મુંબઈ સ્થાયી થયાં અને મંડળમાં સક્રિય બની ખૂબ સેવાઓ કરી, સૌના સેવક બની રહ્યાં. નિષ્ઠા, સમર્પણ અને ભક્તિનું જ અનુસંધાન રાખ્યું. નાની વયે કેન્સરનું નિદાન થયું. પરંતુ સમતા રાખી પ્રગટ પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કર્યો. પ્રભુ જે કરે તે રૂડા માટે તે જ્ઞાનની દૃઢતા જીવન-આચરણમાં છલકાઈ. હૈયું અને હોઠ હસતાં રાખી ગુરુની સ્મૃતિ સાથે ધૂન-પ્રાર્થનાનો સહારો લીધો. ૧૪ વર્ષના દીકરા આર્ષને પણ સત્સંગના તેવા જ સંસ્કાર આપ્યા. ખૂબ બળિયા અક્ષરઆત્મા નિતાબહેન ૨૭ ડિસેમ્બરે અક્ષરધામ સિધાવ્યાં. આ પ્રસંગે દીપકભાઈ, દાસકાકા અને સમગ્ર પરિવારે આધ્યાત્મિક સમતાનાં દર્શન કરાવ્યાં. આવા ઊંચા અક્ષરમુક્ત પુનર્જન્મે પણ પ્રભુના કાર્યના ભાગીદાર બને અને તેમના સ્વરૂપમાં એકાકાર બની પૂર્ણતાને પામવાની સાધના આગળ ધપાવે તેવી પ્રભુચરણે પ્રાર્થના ! ◆

**વિમુબહેન વિઠ્ઠલદાસ પટેલ :** પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીના પૂર્વાશ્રમનાં બહેન અને આત્મીયસ્વજન વિઠ્ઠલફુઆનાં ધર્મપત્ની વિમુબહેન ૨૯ ડિસેમ્બરના રોજ અક્ષરધામ સિધાવ્યાં. પૂર્વના આત્મા તેથી જ આ જન્મે સ્વરૂપોને સાધવાનો આવો સુભગ યોગ પ્રાપ્ત થયો. પ.પૂ. હરિપ્રસાદસ્વામી બાપાની સેનામાં જોડાયા બાદ સાહેબજી અને સદ્‌ગુરુ સંતોને પોતાના ભાઈઓ માની જીવન જીવ્યાં. સત્સંગની પ્રત્યેક સેવા અને સમર્પણનાં કાર્યોમાં વિઠ્ઠલદાસ સાથે રહી જીવન દીપાવ્યું. સંતાનોમાં પણ સેવા અને સમર્પણના ભક્તિરૂપી સંસ્કારો સિંચ્યા. સત્સંગનાં માવતર બની સૌને અધ્યાત્મમાર્ગે બળ દીધાં. યોગીબાપા, કાકાજી, પપ્પાજી, સોનાબા, હરિપ્રસાદસ્વામીજી, સાહેબજી આદિ સૌ સ્વરૂપોનો રાજીપો પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવ્યું. આવા અક્ષરઆત્માને વિદાય વેળાએ વંદન છે ! તેઓનું જીવન પ્રેરણાનાં પીયૂષ પાનાર છે, સાધના કરતા સૌ મુક્તો માટે આદર્શ છે. પ્રભુ તેઓ જેવી ભક્તિ સૌને બક્ષે તે પ્રાર્થનાઓ છે ! ◆

**નિરંજન રમણલાલ શાહ :** મુંબઈ નિવાસી દાનવીર અક્ષરમુક્ત નિરંજનદાદા પરગજુ. કોઈનું દુઃખ જોઈ શકે નહીં. વળી, સેવા શોધી કાઢે. શિક્ષણ, આરોગ્ય અને સંસ્કાર ઘડતરની પ્રવૃત્તિમાં નિરંજનદાદાએ આજીવન સેવાઓ કરી, દાન આપ્યું અને કલ્યાણ કાર્યને વેગ આપ્યું. અનુપમ મિશનની સેવાકીય પ્રવૃત્તિઓ વિશેષ ઇન્ફર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટરના વિકાસ માટે ઊંડો સહકાર આપ્યો. સાહેબજી સાથે તેઓનો તથા અરુણિકાબા અને દીકરી સ્વાતિબહેનનો અનુપમ નાતો તેથી પ્રભુ સાથેનો સંબંધ સ્થપાયો. તેઓની નાદુરસ્ત તબિયત પ્રસંગે થોડા દિવસ પૂર્વે જ સાહેબદાદાએ મુલાકાત આપી આશીર્વાદ આપ્યા હતા, જે તેઓએ છેક સુધી વાગોળ્યા. આવા ભક્તહૃદયી પરમાર્થપ્રેમી નિરંજનદાદા ૭ જાન્યુઆરીના રોજ અક્ષરધામ સિધાવ્યા. તેઓનાં સંતાનો અને પરિવારજનો પણ એવા જ સંસ્કારે સજ્જ છે. તે સૌને પ્રભુ ખૂબ બળ આપે તે પ્રાર્થના છે ! તેઓની પ્રભુપરમ પ્રતિની સાધનાની યાત્રા નવા જન્મે પણ અવિરત વહેતી રહે તેવી યાચના છે ! ◆


॥ સ્વામિશ્રીજી ॥





**આવો.. પધારો... આનંદો...**

**રંગોત્સવે ભક્તિરંગમાં રંગાઓ...!**

**ઉત્સવ તિથિ :**

*** 1 માર્ચ ૨૦૧૮, ગુરુવાર, હોલિકા પર્વ**

સવારે 9:00 વાગ્યે બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજ પાટોત્સવ સભા

સાંજે 5:30 વાગ્યે 'શાલીન માનવરત્ન' સન્માન અર્પણ સમારોહ

*** 2 માર્ચ ૨૦૧૮, શુક્રવાર, ધુળેટી પર્વ**

સવારે 9:00 વાગ્યે સંતભગવંતસાહેબજી પ્રાગટ્યોત્સવ સભા

**ઉત્સવ તીર્થ :** Anoopam Mission તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી-૩૮૮ ૩૪૫ જિ. આણંદ, ગુજરાત, ભારત